75/C

**મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને શ્રેષ્ઠ કામગીરી માટે મંગલમ એવોર્ડ આપવા બાબત.**

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇડીબી-૧૦૨૦૧૩-એસએફએસ-૪૬-ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ: ૧-૧૧-૨૦૧૩**

**વંચાણે લીધાઃ-**

(૧) સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ નં. આઇડીબી-૧૦૨૦૧૦/મિશન મંગલમ/૪૦૪/એસએફએસ/૨૧૯૪/ખ.૧, તા.૩૧-૩-૨૦૧૦

**પ્રસ્તાવના :-**

ગ્રામીણ ગરીબ કુટુંબો જૂથોમાં સંગઠિત થઇ બચત અને આંતરિક ધીરાણનો અભિગમ અપનાવે તો તેમની નાની-મોટી આર્થિક જરૂરિયાતો સંતોષી શકાય છે. આ હેતુ માટે ગ્રામીણ ગરીબ કુટુંબોના સ્વસહાય જૂથો રચી સંગઠિત કરી તેમને સક્ષમ કરવા, કૌશલ્ય વર્ધન તાલીમ પૂરી પાડવા, આંતરિક માળખાકીય સુવિધાઓ પૂરી પાડી આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળવા તેમજ રિવોલ્વિગ ફંડ, બેંક ધીરાણ સાથે જોડવાના હેતુથી રાજય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ સ્વરોજગારી પૂરી પાડી ગ્રામીણ ગરીબ કુટુંબોને આર્થિક રીતે પગભર કરવાની પ્રવૃત્તિઓ મિશન મંગલમ યોજના અંતર્ગત કરવામાં આવે છે. આ યોજના સાથે બે લાખ કરતાં વધારે સખી મંડળો જોડાયેલ છે અને વિવિધ પ્રવૃત્તિઓ કરી રહયાં છે. આ સ્વસહાય જૂથો લાંબા સમય સુધી ટકી રહે અને સશકત બને તે માટેનાં વિવિધ પ્રયત્નો મિશન મંગલમ ધ્વારા કરવામાં આવી રહયાં છે. આ પ્રયત્નોના ભાગરૂપે સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટે મિશન મંગલમ અંતર્ગત ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ ધ્વારા યોગ્ય કામગીરી અને સારી રીતે સંચાલન કરવામાં આવતાં સખી મંડળોને પ્રોત્સાહન રૂપે એવોર્ડ આપવામાં આવે તો બીજા સખી મંડળોને પણ તેનાથી સારી કામગીરી કરવા માટે પ્રેરણા મળી શકે. સબબ આ પ્રકારના સખી મંડળોને એવોર્ડ આપવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

આ તમામ પાસાઓને ધ્યાનમાં લઇ પુખ્ત વિચારણાના અંતે રાજય સરકાર મિશન મંગલમ યોજના અંતર્ગત સ્વસહાય જૂથોને શ્રેષ્ઠ કામગીરી માટે મંગલમ એવોર્ડ આપવા આથી ઠરાવે છે. આ એવોર્ડ સ્વસહાય જૂથો/ સખી મંડળોને આપવામાં આવશે અને આ એવોર્ડ અંતર્ગત સ્વસહાય જૂથ/ સખી મંડળને જિલ્લા/રાજય કક્ષાએ ઠરાવમાં દર્શાવેલ રકમના એવોર્ડની રકમનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે જેનો ઉપયોગ સ્વસહાય / જૂથ સખી મંડળ પોતાના જૂથની વિવિધ પ્રવૃત્તિઓ માટે કરી શકશે. પરંતુ આ રકમ જૂથના સભ્યો અંદરો અંદર વહેંચી શકશે નહીં. આ એવોર્ડ કોઇને પણ વ્યકિતગત આપવામાં આવશે નહિ.

આ એવોર્ડ માટે તાલુકા/જિલ્લા અને રાજય કક્ષાએ નીચે મુજબની પસંદગી સમિતિ રહેશેઃ-

**તાલુકા કક્ષાની પસંદગી સમિતિઃ-**

| **ક્રમ** | **પસંદગી સમિતિના સભ્યશ્રીઓ** | |
|---|---|---|
| ૧. | તાલુકા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨. | સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી | સભ્ય |
| ૩. | ફેડરેશન/સ્થાનિક બિન સરકારી સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૪. | આમંત્રિત સભ્યશ્રી | સભ્ય |
| ૫. | તાલુકા લાઇવલીહુડ મેનેજરશ્રી | સભ્ય સચિવ |

ઉપરોકત સમિતિ તાલુકામાંથી આવેલ સ્વસહાય જૂથ / સખીમંડળોના નોમિનેશનના આધારે આપવામાં આવેલ માર્કસ સ્થળતપાસ કરી યોગ્ય છે કે કેમ તેની જાત તપાસ કરી પ્રમાણપત્ર આપશે. આ સમિતિ તાલુકામાંથી વધારેમાં વધારે ત્રણ સ્વસહાય જૂથ / સખી મંડળના નોમિનેશન જરૂરી દસ્તાવેજો સાથે જિલ્લા કક્ષાએ મોકલી આપશે. તાલુકા કક્ષાની સમિતિના આમંત્રિત સભ્યની પસંદગી તાલુકા વિકાસ અધિકારી કરશે.

**જિલ્લા કક્ષાની પસંદગી સમિતિઃ-**

| **ક્રમ** | **પસંદગી સમિતિના સભ્યશ્રીઓ** | |
|---|---|---|
| ૧. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨. | સીનિયર જનરલ મેનેજર અને નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૩. | ડિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ મેનેજરશ્રી, નાબાર્ડ | સભ્ય |
| ૪. | લીડ ડિસ્ટ્રિકટ મેનેજરશ્રી, લીડ બેંક | સભ્ય |
| ૫. | પ્રોગ્રામ ઓફિસર, સંકલિત બાળ વિકાસ યોજના | સભ્ય |
| ૬. | આમંત્રિત સભ્ય | સભ્ય |
| ૭. | જિલ્લા લાઇવલીહુડ મેનેજરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. | સભ્ય સચિવ |

ઉપરોકત સમિતિ તાલુકા કક્ષાએથી મોકલવામાં આવેલ નોમિનેશન અને દસ્તાવેજોની જરૂરી ચકાસણી કરશે અને આપવામાં આવેલ માપદંડના આધારે ૧૦૦ ગુણમાંથી ગુણ આપી જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ સ્વસહાય જૂથ/ સખીમંડળની પસંદગી કરશે. સમિતિના આમંત્રિત સભ્ય જિલ્લા વિકાસ અધિકારીશ્રી પસંદ કરશે.

**રાજય કક્ષાની પસંદગી સમિતિઃ-**

| **ક્રમ** | **પસંદગી સમિતિના સભ્યશ્રીઓ** | |
|---|---|---|
| ૧. | કમિશ્નર-વ-સચિવશ્રી, ગ્રામ વિકાસ | અધ્યક્ષ |
| ૨. | મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ. | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩. | જોઇન્ટ મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ. | સભ્ય |
| ૪. | નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર. | સભ્ય |
| ૫. | ચીફ જનરલ મેનેજરશ્રી, નાબાર્ડ | સભ્ય |
| ૬. | જનરલ મેનેજર, સોશ્યલ મોબિલાઇઝેશન એન્ડ ઇન્સ્ટીટયૂશન બિલ્ડિંગ, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિ. | સભ્ય સચિવશ્રી |

જિલ્લા કક્ષાએથી પ્રથમ આવનાર સ્વસહાય જૂથો/ સખીમંડળોને રાજય કક્ષાએ નોમિનેટ કરવામાં આવશે. રાજય કક્ષાની પસંદગી સમિતિ જિલ્લા કક્ષાએથી કરવામાં આવેલ નોમિનેશન અને દસ્તાવેજોની જરૂરી ચકાસણી કરી આપવામાં આવેલ માપદંડોના આધારે પ્રથમ, દ્રિતીય અને તૃતીય સ્વસહાય જૂથ/ સખીમંડળની પસંદગી કરશે.

**મંગલમ એવોર્ડ અંતર્ગત આપવાની પ્રોત્સાહનની રકમઃ-**

જિલ્લા કક્ષાની સમિતિ ધ્વારા પસંદ કરાયેલ પ્રથમ,બીજા અને ત્રીજા ક્રમના સખી મંડળોને નીચે મુજબના રોકડ પુરસ્કાર આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | પુરસ્કારની રકમ |
|---|---|---|
| ૧. | પ્રથમ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૨. | દ્રિતીય | રૂા. ૩૦,૦૦૦/- |
| ૩. | તૃતીય | રૂા. ૨૦,૦૦૦/- |

રાજય કક્ષાની સમિતિ ધ્વારા પસંદ કરાયેલ પ્રથમ, દ્રિતીય અને તૃતીય ક્રમના સખી મંડળોને નીચે મુજબના રોકડ પુરસ્કાર આપવાનું ઠરાવવામાં આવે છે,

| ક્રમ | વિગત | પુરસ્કારની રકમ |
|---|---|---|
| ૧. | પ્રથમ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૨. | દ્રિતીય | રૂા. ૫૦,૦૦૦/- |
| ૩. | તૃતીય | રૂા. ૩૦,૦૦૦/- |

**નોમિનેશન માટેના માપદંડોઃ-**

૧. સ્વસહાય જૂથ ઓછામાં ઓછું ત્રણ વર્ષ જૂનું હોવું જોઇએ.

૨. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સભ્યનું મૃત્યુ થયું હોય અથવા લગ્ન કરીને બીજા ગામમાં જતા રહયાં હોય તે સિવાય એક પણ સભ્યે સભ્યપદ છોડેલ ન હોવું જોઇએ (જો સારૂં સ્વસહાય જૂથ હોય તો સભ્યને જૂથ છોડવાની જરૂર ઊભી ન થાય)

૩. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સભ્યોએ બચત અંદરો અંદર વહેંચી ન હોવી જોઇએ (જો બચત વહેંચી લીધી હશે તો સભ્યોને સ્વસહાય જૂથ પર વિશ્વાસ નથી એવું પુરવાર થશે)

૪. ચાલુ વર્ષના અંતની બચત છેલ્લા વર્ષના અંતની બચત કરતાં વધુ હોવી જોઇએ.

૫. ચાલુ વર્ષના અંતમાં આપવામાં આવેલ ધીરાણ છેલ્લા વર્ષના અંતના ધીરાણની રકમ કરતાં વધુ હોવું જોઇએ.

૬. જૂથે બેંક પાસેથી કેશ ક્રેડિટ લઇ તેનો ઉપયોગ કરેલ હોવો જોઇએ તેમજ લોન ભરપાઇ કરેલ હોવી જોઇએ.

૭. આર્થિક પ્રવૃત્તિ કરતા જૂથોને અગ્રિમતા આપવાની રહેશે.

૮. સરકારશ્રીના વિવિધ વિભાગો/ ખાતાઓ કે અન્ય એજન્સી મારફત આપવામાં આવેલ તાલીમ, પ્રેરણા પ્રવાસમાં ભાગ લેનાર જૂથોને અગ્રિમતા આપવાની રહેશે.

૯. સ્વસહાય જૂથ નફો કરતું હોવું જોઇએ અને સ્વસહાય જૂથ તેના સભ્યને આપવામાં આવેલ ધીરાણ અને વ્યાજની વસૂલાત સમયસર કરતું હોવું જોઇએ.

૧૦. જે જૂથોમાંથી કોમ્યુનીટી રિસોર્સ પર્સન પસંદ કરવામાં આવેલ હોય તેવા જૂથોને અગ્રતા આપવી.

૧૧. દરેક સભ્યને વાર્ષિક ઓડિટ રિપોર્ટની એક નકલ મળતી હોવી જોઇએ.

૧૨. રોજમેળ અને ખાતાવહી અદ્યતન હોવાં જોઇએ અને તે સ્વસહાય જૂથના સભ્યો ધ્વારા જ નિભાવવામાં આવેલ હોવા જોઇએ.

૧૩. સભ્યો સ્વસહાય જૂથની બેઠકોમાં રેગ્યુલર ભાગ લેતાં હોવા જોઇએ.

૧૪. સ્વસહાય જૂથમાં નિયમિત રીતે રોટેશનથી પ્રમુખ/મંત્રીની નિમણૂંક થતી હોવી જોઇએ.

૧૫. કોઇપણ સ્વસહાય જૂથ એકવાર મંગલમ એવોર્ડ મળ્યા બાદ આગામી ત્રણ વર્ષ દરમ્યાન આ એવોર્ડ માટે દરખાસ્ત કરી શકશે નહિ.

૧૬. ઉપરોકત રકમનો ઉપયોગ સ્વસહાય જૂથની કામગીરીના સંવર્ધન માટે કરવાનો રહેશે.

આ એવોર્ડ અંગેનો ખર્ચ

માંગણી ક્રમાંકઃ ૭૧

મુખ્ય સદર :૨૫૦૫- ગ્રામીણ રોજગાર

પેટા મુખ્ય સદર :૬૦ : અન્ય કાર્યક્રમ.

ગૌણ સદર : ૭૦૩ ખાસ રોજગાર કાર્યક્રમ

પેટા સદર :૦૨: આરઇએમ-૨ ખાસ રોજગાર કાર્યક્રમ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મંત્રીશ્રી (ગ્રા.વિ)ની તા.૧-૧૦-૨૦૧૩ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નાયબ સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાનાઃ-**

૧. માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
૨. માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રી (ગ્રા.વિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
૪. માન.રા.ક.મંત્રીશ્રી (ગ્રા.વિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
૫. માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૧. અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, (તમામ વિભાગો), ગાંધીનગર.
૧૨. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૩. કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૪. કમિશ્નર-વ-સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૫. જનરલ મેનેજરશ્રી, નાબાર્ડ, અમદાવાદ.
૧૬. એસ.એલ.બી.સી.ની લીડ બેંક દેના બેંકના કન્વીનરશ્રી, દેના લક્ષ્મીબીલ્ડીંગ, આશ્રમ રોડ, અમદાવાદ.
૧૭. ચેરમેનશ્રી, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદ.
૧૮. ચેરમેનશ્રી, ઈરમા, આણંદ
૧૯. નિયામકશ્રી, (એસઆઈઆરડી), સ્પીપા, અમદાવાદ.
૨૦. ચેરમેન, બેંક ઓફ બરોડા, બરોડા કોર્પોરેટ સેન્ટર, સી.૨૬, જી-બ્લોક, બાન્દ્રા, કુરલા કોમ્પલેક્ષ,મુંબઈ.
૨૧. નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, બ્લોક નં.૧, પોલિટેકનિક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ.
૨૨. ચેરમેન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ (ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ.મારફત)
૨૩. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામ. (ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ.મારફત)
૨૪. નિયામકશ્રી, મહિલા સામખ્ય, પોલિટેકનિક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ.
૨૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
૨૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
૨૭. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,(ખ.૧ અને ખ.૨ શાખા), સચિવાલય, ગાંધીનગર.
૨૮. હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૨૯. પસંદગી ફાઈલ.
૩૦. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.

8/1

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧-૧૧-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃઆઈડીબી-૧૦૨૦૧૩-એસએફએસ-૪૬-ખ.૧નું જોડાણ**

**ગુજરાત સરકાર ધ્વારા પ્રાયોજિત મંગલમ એવોર્ડ અંગેની પસંદગી માટેની માર્ગદર્શિકા**

**પરિશિષ્ટઃ-૧ ગુણાંક માટેનું પત્રક**

| ક્રમ નં. | વિગત | કુલ ગુણાંક | મેળવેલ ગુણાંક |
|---|---|---|---|
| ૧. | સ્વસહાય જૂથની સ્થાપનાના વર્ષ (ઓછામાં ઓછા ત્રણ વર્ષ) | ૧૦ | |
| ૨. | છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સભ્યના મૃત્યુ અથવા લગ્નના કારણે બીજા ગામે જતાં રહયા હોય તે સિવાય એક પણ સભ્યે સભ્યપદ છોડેલ હોવાની બાબત. | ૧૦ | |
| ૩. | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સભ્યોએ બચત અંદરો અંદર વહેંચેલ હોવાની બાબત. (જો બચત વહેંચી લીધી હશે તો સભ્યોને સ્વસહાય જૂથ પર વિશ્વાસ નથી એવું સાબિત થશે) | ૧૦ | |
| ૪. | ચાલુ વર્ષના અંતની બચત છેલ્લા વર્ષના અંતની બચત કરતાં વધુ હોવાની બાબત કરતાં | ૧૦ | |
| ૫. | ચાલુ વર્ષના અંતમાં આપવામાં આવેલ ધીરાણ છેલ્લા વર્ષના અંતના ધીરાણ કરતાં વધુ હોવાની બાબત. | ૧૦ | |
| ૬. | સ્વસહાય જૂથ નફો કરતુ હોવા બાબત, (સભ્યોને આપવામાં આવેલ ધીરાણ અને વ્યાજની વસૂલાત સમયસર કરતું હોવાની બાબત. | ૧૦ | |
| ૭. | દરેક સભ્યને વાર્ષિક ઓડિટ રિપોર્ટની નકલ મળતી હોવાની બાબત | ૧૦ | |
| ૮. | રોજમેળ અને ખાતાવહી અધતન હોવા તથા જૂથના સભ્યો ધ્વારા જ નિભાવવામાં હોવા બાબત. | ૧૦ | |
| ૯. | સ્વસહાય જૂથની બેઠકમાં સભ્યોની નિયમિત હાજરી | ૧૦ | |
| ૧૦. | સ્વસહાય જૂથની નિયમિત ચૂંટણીની બાબત. | ૧૦ | |
| | **કુલ.** | **૧૦૦** | |

૬૭/૮

## પરિશિષ્ટઃ-૨ તાલુકા કક્ષાની સમિતિએ આપવાનું પ્રમાણપત્ર

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે . . . . . . . . . . . . . . . . . . . . . . . . (સ્વસહાય જૂથ/સખીમંડળનું નામ) . . . . . . . . . . . . . .. .. તાલુકાના . . . . . . . . .. ગામમાં કાર્યરત છે. આ સ્વસહાય જૂથ/સખીમંડળ ધ્વારા મંગલમ એવોર્ડ માટે ભરવામાં આવેલ ફોર્મની વિગતો અને જરૂરી દસ્તાવેજો અમોએ જાતે. . . . . ./. . . . . /. . . . . . ના રોજ/રૂબરૂ મુલાકાત લઇ ચકાસણી કરેલ છે.

| | |
|---|---|
| તાલુકા વિકાસ અધિકારીશ્રીનું નામ.. . . . . . . . . . . . . | તાલુકા લાઇવલીહુડ મેનેજરશ્રીનું નામ.. . . . . . . . . . . . . |
| તાલુકો. . . . . . . . . . . . . . | તાલુકો. . . . . . . . . . . . . . |
| તારીખઃ. . . . . . . . . . . . . | તારીખઃ. . . . . . . . . . . . . |
| સહી. . . . . . . . . . .. . . . . .. | સહી. . . . . . . . . . .. . . . . .. |
| સંકલિત બા.વિ.યો. અધિકારીશ્રીનું નામ.. . . . . . . . . . . | ફેડરેશન/બિન સરકારી સંસ્થાના પ્રતિનિધિનું નામ.. . . . . . |
| તાલુકો. . . . . . . . . . . . . . | તાલુકો. . . . . . . . . . . . . . |
| તારીખઃ. . . . . . . . . . . . . | તારીખઃ. . . . . . . . . . . . . |
| સહી. . . . . . . . . . .. . . . . .. | સહી. . . . . . . . . . .. . . . . .. |

| ક્રમ નં. | વિગત | |
|---|---|---|
| ૧. | સ્વસહાય જૂથ/ સખીમંડળનું નામઃ | |
| ૨. | ગામ | |
| ૩. | તાલુકો | |
| ૪. | યુનિક કોડ નં. | |
| ૫. | બચત ખાતા નં. | |
| ૬. | લોન ખાતા નં. | |
| ૭. | બેંક અને શાખાનું નામ. | |
| ૮. | જે યોજના હેઠળ રચાયેલ હોય તે યોજનાનું નામ. | |
| ૯. | જૂથ રચનાની તારીખ. | |
| ૧૦. | મંજૂર થયેલ કેશ ક્રેડિટની રકમ | |
| ૧૧. | વાર્ષિક ઓડિટ રિપોર્ટ (જો હા તો) | |
| ૧૨. | અન્ય વિગતો. | |